દાખલ થયા તારીખ : ૨૩–૦૬–૨૦૨૧.
રજી.લીધા તારીખ : ૨૩–૦૬–૨૦૨૧.
નિકાલ તારીખ : ૨૬–૦૮–૨૦૨૧.
સમય : વર્ષ–૦૦,માસ–૦૨,દિવસ–૦૩.

सत्यमेव जयते

**અમદાવાદના મહે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કુ.એ.એચ.મુન્દ્રા સાહેબની કોર્ટ નં.૧૪ માં, મુ.અમદાવાદ.**

**ક્રિ.કેસ નં. ૬૮૫૫૫/૨૦૨૧**
**આંક– ૧૦**

ફ રી યા દી : શ્રી સરકાર

વિરુધ્ધ

આ રો પી : અમનખાન અનીશખાન પઠાન.
ઉ.વ.૧૯,રહેવાસી : ચુનીલાલ દેવશંકરની ચાલી, પન્ના એસ્ટેટની સામે,બાપુનગર, અમદાવાદ.

**ત્હોમત :– ઈ.પી.કો.કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૮૧(૩) મુજબ**

**ફરીયાદપક્ષે :– વિ.એ.પી.પી.શ્રી એન.જી.શાહ.**
**આરોપી પક્ષે :– વિ.વકીલશ્રી એસ.જે.પરીખ.**

**– ૦ જ જ મે ન્ટ ૦–**

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૩–૯–૨૦૨૦ ના ક. ૧૩–૧૦ વાગ્યે અજીતમીલ ચાર રસ્તા તરફથી ગરીબનગર ચાર રસ્તા તરફ વગર લાયસન્સે રોંગ સાઈડમાં

ભયજનક રીતે લોકોની જીંદગી જોખમાય એવી રીતે પોતાના કબજાની એકસેસ ચલાવી લઈ આવી,ગુનો કરેલ હોઈ આ અંગેની ફરીયાદીએ એચ ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ આપતા, એચ ટ્રાફીક પોલીસ સ્ટેશને ાા ગુ.ર.નં.૩૩૪૫/૨૦૨૦ થી ગુનો રજીસ્ટર્ડ કરેલ અને આરોપીની અટક કરેલ અને તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ક.૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪, ૧૮૧/૩ મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

૨) સદર કામે આરોપી વિરુધ્ધનું ચાર્જશીટ આવી જતાં અત્રેથી સમન્સ બજવણી બાદ આરોપી હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ ની જોગવાઈનું પાલન કરી, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપી, તે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ અન્વયે આરોપીને ગુના અંગે સમજ કરી, ગુનાની કબુલાત અંગે પુછતા તેઓને ગુનો કબુલ નથી, કેસ આગળ ચલાવવાનો છે તેમ જણાવતા સદર કામમાં આંક–૩ થી આરોપીની પ્લી રેકર્ડ કરી કેસ આગળની ઈન્સાફી કાર્યવાહી સારુ રાખવામાં આવેલ.

૩) આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા</u>**

૧. આંક–૪ થી ફરીયાદી કીરણકુમાર ધનજીભાઈની જુબાની.

૨. આંક–૬ થી પંચસાહેદ જયરામ રામસ્વરૂપ પરમારની જુબાની.

૩. આંક–૮ થી સાહેદ દિનેશભાઈ પ્રભાતભાઈની જુબાની.

૪. આંક–૯ થી ત.ક.અ.શ્રી કાન્તીભાઈ મનસુખભાઈની જુબાની.

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

૧. આંક–૫ થી ફરીયાદ.

૨. આંક–૭ થી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું.

૪)  ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવાઓ રજુ થયેલ નથી. ફરીયાદપક્ષના પુરાવાને ધ્યાને લેતાં આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતો ન હોઈ સદર કામે આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૫)  ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં,ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોઈ,આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

૬)  જયારે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીએ મૌખિક દલીલો કરેલ છે કે,આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓ વંચાણે લેતાં આરોપી વિરુધ્ધ ફરમાવેલ તહોમત મુજબનો ગુનો પુરવાર થતો ન હોઈ, જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૭)  આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુ દ્દા ઓ :–</u>**

૧.... શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૩–૯–૨૦૨૦ ના રોજ ક. ૧૩–૧૦ વાગે અજીતમીલ ચાર રસ્તા તરફથી ગરીબનગર ચાર રસ્તા તરફ વગર લાયસન્સે રોંગ સાઈડમાં ભયજનક રીતે લોકોની જીંદગી જોખમાય એવી રીતે પોતાના કબજાની એકસેસ ચલાવી લઈ આવી,ઈ.પી.કો.ક.૨૭૯ તથા એમ.વી.એ.ક.૧૭૭,૧૮૪,૧૮૧/૩ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨... શું હુકમ ?

૮)  ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

૧... નકારાત્મક.

૨... આખરી હુકમ મુજબ.

૯) ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

– ૦ <u>કા ર ણો</u> ૦ –

<u>મુદ્દા નં.૧ :–</u>

સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની ફરીયાદના અનુસંધાનમાં આરોપી વિરુધ્ધ તે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વ્દ્રારા રેકર્ડ પર રજુ કરી તે મુજબનો ગુનો શંકારહીત પુરવાર કરવો જોઈએ. આરોપી તરફે ઉલટતપાસ વ્દ્રારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રથાપિત કરવું જોઈએ અને જો કોઈ પોતાનો વિશેષ બચાવ હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઈએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં આરોપી પક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવું માની શકાય નહીં, પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષ તરફે આરોપી વિરુધ્ધ શંકારહિતનો પુરાવો રજુ કરવો જોઈએ તેવું કાયદાનું ધોરણ છે.

૧૦) ફરીયાદપક્ષ તરફે આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે બનાવ સમયે આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો આચરેલ હોય તે હકીકત રેકર્ડ ઉપર પુરાવા વ્દ્રારા પુરવાર થવી મહત્વની અને જરુરી છે.

૧૧) ફરીયાદપક્ષ તરફે આંક–૪ થી ફરીયાદી કીરણકુમાર ધનજીભાઈ પરમારને તપાસવામાં આવેલા છે.તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૩–૯–૨૦ ના રોજ મારી નોકરી ગરીબનગર ચાર રસ્તા પાસે હતી ત્યારે બપોરના ક. ૧૩–૧૦ ના સુમારે અજીતમીલ ચાર રસ્તાથી ગરીબનગર ચાર રસ્તા તરફ એક એકસેસ ચાલક રોંગ સાઈડમાં પુરઝડપે બેદરકારી રીતે ચલાવી લાવતા

જેને ઉભો રાખતા એકસેસ નંબર જીજે ૨૭ ડીજી ૦૨૩૩ ના ચાલકનું નામ પુછતા અમનખાન અનીશખાન પઠાણ જણાવેલું. તેની પાસે ગાડીના કાગળો માંગતા, નહી હોવાનું જણાવેલું તેથી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા પો.સ્ટેશન લઈ જઈ ઈ.પી.કો.ક.૨૭૯ નો ગુનો દાખલ કરેલ. મારી સાથેના સાહેદે હે.કો. દિનેશકુમાર પ્રભાતભાઈ તથા પંચોના માણસો મેળવેલ. મને ફરીયાદ બતાવવામાં આવે જે તેમાં મારી સહી છે તે આંક–૫ થી રજુ છે. આરોપીને ઓળખું છું જે નામ.કોર્ટમાં હાજર છે, તેમ જણાવેલ છે.

ત્યારબાદ સદર ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરેલ છે જેમાં સદર ફરીયાદીએ જણાવેલ છે કે, મારી નોકરી ગરીબનગર ચાર રસ્તા ખાતે હતી. એ વાત ખરી છ કે, ગરીબનગર ચાર રસ્તાથી પટેલ મીલ ચાર રસ્તા સુધી રસ્તાનું કામ ચાલતું હોઈ ઘણો ટ્રાફીક રહે છે. એ વાત ખરી છે કે, ગરીબનગર ચાર રસ્તા પાસે એક પેટ્રોલ પંચ આવેલ છે. એ વાત ખરી નથી કે પેટ્રોલ પંપ ૧૦–૨૦ મીટર અંતરે આવેલ છે. એ વાત ખરી છે કે, કોઈ વ્યકિત પેટ્રોલ પુરાવીને નીકળે તો તેને ૨–૪ કી.મી. ફરીને આવવું પડે. મારે ટ્રાફિક નિયમન સાથે જે વાહન ચાલકો એમ.વી.એકટ નો ભંગ કરતા હોય તેના વિરુધ્ધ કાર્યવાહી કરવાની રહે છે. અમોએ એ દિવસ એક જ વાહન જમા લીધેલું. એ વાત ખરી છે કે, જો વાહન ચાલકના પાસે ગાડીના કાગળો ન હોય તો તેને રજુ કરવા માટે મુદત આપવામાં આવે છે. એ વાત ખરી નથી કે આરોપીએ મને લાયસન્સ બતાવેલું. એ વાત ખરી છે કે, એમ.વી.એકટના ગુનામાં સ્થળ ઉપર દંડ ભરવાની જોગવાઈ હોય છે. એ વાત ખરી નથી કે, ચાર રસ્તા ઉપર ગાડીની સ્પીડ ૧૦–૨૦ ની હોય છે. એ વાત ખરી નથી કે, મારી કામગીરી બતાવવા ખોટો કેસ કરેલ છે, તેમ જણાવેલ છે.

સદરહું ફરીયાદીએ તેમની સરતપાસમાં પોતે આપેલ ફરીયાદ અંગેની હકીકત જણાવેલ છે તેમજ તેમની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, ગરીબનગર ચાર રસ્તાથી પટેલ મીલ ચાર રસ્તા સુધી રસ્તાનું કામ ચાલતું હોઈ ઘણો ટ્રાફીક રહે છે અને એવું પણ જણાવે છે કે, કોઈ વ્યકિત પટ્રોલપંપ ઉપર પેટ્રોલ

ભરાવીને ગરીબનગર ચાર રસ્તા પેટ્રોલપંપ પાસેથી નીકળે તો તેને ૨–૪ કી.મી.ફરીને આવવું પડે. આમ સદર સાહેદ તેમની ફરીયાદમાં જણાવેલ હકીકત અન્વયે કે હાલનો ચાલક પોતાની કબજાનું વાહન રોંગ સાઈડમાં પુરઝડપે અને બેફામ રીતે ચલાવી ગરીબ નગર ચાર રસ્તા તરફ આવેલ હોય તે હકીકતથી વિરોધાભાસ હકીકત તેમની જુબાનીમાં જણાવે છે તેમજ હાલના આરોપીએ સદરહું વાહન રોંગ સાઈડમાં પુરઝડપે અને બેદરકારીથી ચલાવેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદીની સમગ્ર જુબાની વંચાણે લેતાં પુરવાર થતી નથી. આમ સદરહું ફરીયાદીની ફરીયાદ માત્ર આંકે પડી જવાથી ફરીયાદના તમામ તત્વો પુરવાર થાય છે તેવું માન્ય રાખી શકાય તેમ નથી.

૧૨) ફરીયાદપક્ષ તરફે આંક–૬ થી પંચસાહેદ જયરામ રામસ્વરૂપ પરમારને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે,તા.૩–૯–૨૦ ના રોજ હું મારી રીક્ષા લઈને જતો હતો ત્યારે ટ્રાફીક પોલીસે તૈયાર પંચનામામાં મારી સહી કરવાનું જણાવેલું. મને અસલ પંચનામું બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે આંક–૭ થી રજુ છે. પોલીસે મારી હાજરીમાં પંચનામું કરેલ હોય તેવું બનેલ નથી, તેમ જણાવેલ છે.સદર પંચસાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી વ્દ્રારા તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં પણ કોઈ ફળદાયી હકીકત જણાયેલ નથી. ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી વ્દ્રારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

સદર પંચસાહેદની જુબાનીથી આરોપી સામે જે આક્ષેપ કરવામાં આવેલ છે તે આક્ષેપ મુજબનો ગુનો પુરવાર થતો નથી તેમજ હાલના પંચસાહેદ હોસ્ટાઈલ વીટનેશ હોઈ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક જુબાની આપતા ન હોઈ જેથી તેમની જુબાની માનવાલાયક જણાતી નથી. તે ઉપરાંત તેમની ટ્રાફીક પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધેલી તેમજ પોલીસે તેમની હાજરીમાં પંચનામું કરેલ હોય તેવું બનેલ ન હોવાનું

જયારે સદર પંચસાહેદ પોતાની સરતપાસમાં જણાવતા હોય ત્યારે સદર પંચસાહેદની જુબાનીથી આરોપીએ સદર ગુનો કરેલ હોવાનું સ્પષ્ટ અને ચોકકસ જણાઈ આવતું ન હોઈ સદર સાહેદની જુબાની માન્ય રાખી શકાય તેમ નથી.

૧૩) ફરીયાદપક્ષ તરફે આંક–૮ થી સાહેદ દિનેશભાઈ પ્રભાતભાઈને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૩–૯–૨૦ ના રોજ સવારના ૭–૩૦ થી ૧ ૫–૩૦ સુધી અમારી નોકરી ગરીબનગર ચાર રસ્તે હોઈ હે.કો. કીરણભાઈ ધનજીભાઈ સાથે ગરીબનગર ચાર રસ્તા ાસે ટ્રાફીકની કામગીરી કરતા હતા ત્યારે ૧૩–૧૦ વાગે એક એકસેસ મોટર સાયકલ નં. જીજે ૨૭ ડીજી ૦૨૩૩ ની એકસેસ મોટર સાયકલ લઈ અજીત મીલ તરફથી રોંગ સાઈડમાં બેદરકારી રીતે ગરીબનગર તરફ આવતા હોઈ જેઓને સાઈડમાં રોકી હે.કો. કિરણભાઈએ રસ્તે જતા પંચોને બોલાવી સદરી મોટર સાયકલના ચાલકનું નામ પુછતા મોટર સાયકલના ચાલકનું નામ અમનખાન અનીસખાન પઠાણ જણાવેલું જેની પાસે ગાડીના કાગળો તથા લાયસન્સ માંગતા નહી હોવાનું જણાવેલું. તેની વિરુધ્ધ ઈ.પી.કો.ક.૨૭૯ તથા એમ.વી.એ.ક.૧૭૭,૧૮૪,૧૮૧(૩) મુજબનો ગુનો નોંધી કાયદેસરની ફરીયાદ આપેલી. ત.ક.અધિકારી શ્રી કાંતીભાઈ મનસુખભાઈએ મારું નિવેદન લીધેલું. આરોપીને જોયેથી ઓળખું છું જે નામ.કોર્ટમાં હાજર છે,તેમ જણાવેલ છે.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી વ્દ્રારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં સદર સાહેદે જણાવેલ છે કે, હું છેલ્લા ૬ વર્ષથી ટ્રાફીકમાં નોકરી કરું છું. એ વાત ખરી છે કે, અમારા ફરજના પોઈન્ટ બદલાતા રહેછે. મેં ગરીબનગર ચાર રસ્તા પાસે જુલાઈ–૨૦૨૦ માં નોકરી કરેલી. એ વાત ખરી છે કે, મારો પોઈન્ટ છે ત્યાં બ્રીજનું કામ ચાલે છે અને ત્યાં એક પેટ્રોલ પંત આવેલ છે. એ વાત ખરી છે કે, પટેલ મીલ તરફનો રસ્તો સાંકળો થઈ ગયેલ છે. આ રસ્તો ચાર રસ્તા પાસે સાંકળો નથી. આગળ ૧૦૦ મીટર જતા

સાંકળો થાય છે. એ વાત ખરી છે કે, સામાન્ય રીતે જયાં રસ્તો સાંકળો હોય તો ગાડી ધીમે ચાલે. એ વાત ખરી નથી કે ખોટી જુબાની આપું છું, તેમ જણાવેલ છે.

સદર સાહેદ તેમની સરતપાસમાં પોતે કરેલ કામગીરી અંગે જણાવે છે જયારે તેમની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે અમારી ફરજના પોઈન્ટ બદલાતા રહે છે અને મારો પોઈન્ટછે ત્યાં બ્રીજનું કામ ચાલું છે અને એવું પણ સ્વીકારે છે કે, પટેલ મીલ તરફનો રસ્તો સાંકળો થઈ ગયેલ છે અને સામાન્ય રીતે જયાં સાંકળો રસ્તો હોય ત્યાં ગાડી ધીમી રીતે ચાલે. આમ હાલના આરોપી સદરહું વાહન પુરઝડપે અને બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવેલ હોય અને માણસોની જીંદગી જોખમાય કે નુકશાન થાય તે રીતે ચલાવેલ હોય તેવી તમામ હકીકતોને ખંડન કરતી જુબાની હાલના સાહેદે આપેલ છે તેમજ આવા કોઈ તત્વો સદરહું સાહેદની જુબાનીમાંથી ફલિત થતા ન હોઈ તેથી સદર સાહેદની જુબાની આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માન્ય રાખી શકાય નહી.

૧૪) ફરીયાદપક્ષ તરફે આંક–૯ થી ત.ક.અ.શ્રી કાન્તીભાઈ મનસુખભાઈને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૩–૯–૨૦ ના રોજ મારી નોકરી ઈન્વેમાં ક. ૧૨–૦૦ થી ૨૦–૦૦ સુધી હતી ત્યારે પીએસઓશ્રી તરફથી ફરીયાદ વધુ તપાસ અર્થે મારા તરફ આવેલી, જે જોતાં હે.કો. કીરણભાઈ ધનજીભાઈની ફરીયાદ આરોપી અમનખાન અનીસખાન પઠાણ વિરુધ્ધ ઈ.પી.કો.ક.૨૭૯ તથા એમ.વી.એ.ક.૧૭૭,૧૮૪,૧૮૧(૩) મુજબની હતી. આરોપીને તા.૩–૯–૨૦ ના રોજ ક. ૧૬–૩૦ વાગે યોગ્ય જામીન ઉપર મુકત કરેલો. વધુ તપાસ કરતા લાગતા વળગતા સાહેદોના નિવેદન લઈ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડતો હોઈ ચાર્જશીટ કરી નામ.કોર્ટમાં મોકલેલું. આરોપી આજરોજ હાજર છે તેને ઓળખું છું,તેમ જણાવેલ છે.

સદર ત.ક.અ.શ્રીની આરોપીના વિ.વ.શ્રી વ્દ્રારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં સદર

ત.ક.અ.શ્રીએ જણાવેલ છે કે, મને ફરીયાદની તપાસ તા.૩–૯–૨૦ ના રોજ આપવામાં આવી. એ વાત ખરી છે કે, ગાડીની સ્પીડને સ્પીડોમીટર પર ચેક કરેલ નથી. એ વાત ખરી છે કે, મેં સ્વતંત્ર સાહેૌના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે મેં તૈયાર પંચનામામાં સહી લીધેલી. એ વાત ખરી નથી કે, મેં ખોટું ચાર્જશીટ કરેલ છે, તેમ જણાવેલ છે.

સદરહું સાહેદ આ કામે ત.ક.અ.શ્રી હોઈ જેઓ તેમની સરતપાસમાં પોતે કરેલ કામગીરીનો ચિતાર રજુ રાખેલ છે જયારે તેમની ઉલટતપાસમાં એવું સ્વીકારે છે કે, ગાડીની સ્પીડને સ્પીડોમીટર પર ચેક કરેલ નથી તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. આમ સદર ત.ક.અ.શ્રીની સમગ્ર જુબાની વંચાણે લેતાં હાલના આરોપીએ પોતાના કબજાનું વાહન બેદરકારી તેમજ ગફલતભરી રીતે પુરઝડપે, ચલાવી હાલનો ગુનો કરેલ હોય તેવી કોઈ હકીકત પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતી ન હોઈ જેથી સદર ત.ક.અ.શ્રીની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

૧૫) આમ આ કામે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાને નજર સમક્ષ રાખી પુરાવાનું મુલ્યાંકન કરતા, આરોપી સામેના ગુન્હાના કોઈપણ ગુન્હાહીત તત્વોનો પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. આ કામે ફરીયાદપક્ષે ફરીયાદીને તેમજ સાહેદને સોગંદ ઉપર તપાસેલા છે પરંતુ ફરીયાદી પોતાની સોગંદ ઉપરની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી તેમજ સાહેદ જયરામ રામસ્વરુપ પોતાની સોગંદઉપરની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોઈ ફરીયાદપક્ષે સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે.આ સિવાય ફરીયાદપક્ષે એક પંચ સાહેદને સોગંદ ઉપર તપાસેલા છે. સદર પંચ સાહેદ પણ પોતાની સોગંદ ઉપરની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોઈ ફરીયાદપક્ષે તેઓને પણ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે.ત.ક.અ.શ્રી પણ પોતાની જુબાનીથી ફકત તેઓએ કરેલ કામગીરીનો ચિતાર રજુ કરેલ. આ સિવાય આરોપી વિરુધ્ધ કોઈ હકીકત જણાવતા નથી. આ

સિવાય ફરીયાદપક્ષ તરફથી બીજા કોઈ સાહેદને આ કામમાં તપાસવામાં આવેલ નથી. આમ રજુ થયેલ પુરાવા ધ્યાને લેતાં આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન રોંગ સાઈડમાં પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે લોકોની જીંદગી જોખમમાં મુકાય તે રીતે ચલાવી લાવી ગુનો કરેલ હોવાનું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારાત્મક આપવામાં આવેલ છે અને મુદ્દા નં.૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**– ૦ હુ કમ ૦ –**

આ કામના આરોપી અમનખાન અનીશખાન પઠાણ, રહેવાસી : ચુનીલાલ દેવશંકરની ચાલી, પન્ના એસ્ટેટની સામે, બાપુનગર, અમદાવાદ નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા એમ.વી.એ.ક.૧૭૭,૧૮૪,૧૮૧/૩ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના આરોપીના જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૬ ઓગષ્ટ, ૨૦૨૧ ના રોજ અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૨૬–૮–૨૦૨૧.
અમદાવાદ.

( કુ.અફસાના હુસેનભાઈ મુન્દ્રા )
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪,અમદાવાદ.
GJ-01010